# શાળાકીય સ્પર્ધા ધો. ૬ થી ૮ (૨૦૨૪-૨૫)

| તારીખ | સ્પર્ધાનું નામ | સ્પર્ધકોની સંખ્યા | પ્રથમ વિજેતા | દ્વિતીય વિજેતા | તૃતીય વિજેતા | કન્વીનર/ નિર્ણાયક |
|---|---|---|---|---|---|---|
| ૨૮/૬૨૪ | શ્રુતલેખન સ્પર્ધા | ૧૦૫ | રોહિત પલક એમ. (૬બ),<br>વસાવા આસ્થા (૭બ),<br>શેરે દિવ્યાંશી બી. (૭અ),<br>પીઠવા ધ્રુવી (૮બ) | મિસ્ત્રી ક્રિષ્ણા ભીખાભાઇ (૬બ),<br>ભટ્ટ મંત્ર (૭અ),<br>મહેતા રચિત (૭અ),<br>પરમાર હેત્વી (૮બ) | રાણા વેદાંશી (૬અ),<br>પટેલ ચાર્મી (૭અ),<br>મિસ્ત્રી અંશ (૭અ),<br>સોલંકી હિરલ (૮બ) | કંચનબેન પરમાર |
| ૧૮/૭/૨૪ | કેશગૂંફન સ્પર્ધા | ૨૨ | સિંધા ચુકતા જગદીશસિંહ (૮અ) | પટેલ અનન્યા શૈલેન્દ્રકુમાર (૮અ),<br>મિસ્ત્રી મેશ્વા ભદ્રેશકુમાર (૮અ) | પટેલ દિક્ષા રાજેન્દ્રભાઇ (૮બ),<br>પરમાર સુહાની અરવિંદભાઇ (૬બ) | શેફાલીબેન ઠાકર,<br>દિપીકાબેન સોલંકી |
| ૧૮/૭/૨૪ | મહેંદી સ્પર્ધા | ૪૩ | પરમાર પૂર્વી સંજયભાઇ (૮અ) | રાણા દેવાંશી જીજ્ઞેશભાઇ (૮અ),<br>વસાવા આસ્થા વિજયભાઇ (૭બ) | વણકર સીયા રણજીતભાઇ (૭બ),<br>કાયસ્થ ચાર્મી પિન્કેશભાઇ (૮બ),<br>ચૌહાણ જયા રવિન્દ્રભાઇ (૮બ) | શેફાલીબેન ઠાકર,<br>દિપીકાબેન સોલંકી |
| ૨૭/૬/૨૮ | શ્રેષ્ઠવાચક સ્પર્ધા | ૭૦ | પરમાર સુહાની એ. (૬બ),<br>વસાવા આસ્થા વી. (૭બ),<br>પટેલ અનન્યા એસ. (૭બ) | સાપા વેદાંશી એચ. (૬બ),<br>શેરે દેવ્યાંશી બી. (૭અ),<br>પટેલ આસ્થા એચ. (૮બ) | વસાવા વૈષ્ણવી એસ. (૬અ),<br>મિસ્ત્રી નૈના બી. (૬અ),<br>રાણા રિયા બી. (૬અ),<br>કાયસ્થ અવની પી. (૭બ),<br>મિસ્ત્રી જીયા આર. (૮અ) | જિજ્ઞેશભાઇ જોષી |
| ૫/૯/૨૪ | શિક્ષક દિન અંતર્ગત વકતૃત્વ | ૧૦ | મિસ્ત્રી મેશ્વા ભદ્રેશકુમાર (૮અ) | મોદી રિયા પરેશકુમાર (૮બ) | શેરે દિવ્યાંશી ભાસ્કરરાવ (૭અ) | પ્રજ્ઞાબેન પ્રજાપતિ |
| ૧૦/૯/૨૪ | નવરાત્રી પર્વ નિમિત્તે બેસ્ટ ડ્રેસીંગ | - | પાટણવાડિયા ધ્રુમિલ એમ (૭અ)<br>સુથાર મિહિર એ. (૬અ)<br>જાદવ જાનવી ડી. (૭બ)<br>રાજ માન્યા ડી. (૮અ) | જાદવ મેરીલ એચ. (૮અ),<br>હરસોરા દર્શન એ. (૭અ),<br>મિસ્ત્રી આન્યા એન. (૬અ),<br>પટેલ ધરા કે. (૮અ),<br>જાદવ શ્રેયા એન. (૭અ) | રાણા જૈમિન એમ. (૮અ),<br>મિસ્ત્રી જાગૃતિ એમ. (૬બ),<br>તવત રિયા વી. (૮અ),<br>પરમાર હેતાક્ષી એમ. (૮બ),<br>ગોહિલ હેમાક્ષી બી. (૭બ) | શેફાલીબેન ઠાકર,<br>દિપીકાબેન સોલંકી |
| ૧૦/૯/૨૪ | નવરાત્રી પર્વ નિમિત્તે બેસ્ટ એકટીંગ | - | રાજ માન્યા ધર્મેશભાઇ (૮અ) | જાદવ મેરીલ હાર્દિકકુમાર (૮અ) | જાદવ જાનવી દિનેશભાઇ (૭બ) | શેફાલીબેન ઠાકર,<br>દિપીકાબેન સોલંકી |
| ૨૨/૧૦/૨૪ | દિવાળી કાર્ડ સ્પર્ધા | ૨૮૫ | જાદવ મહાલક્ષ્મી એમ. (૬બ),<br>રાણા તનીશા વી. (૭અ),<br>પટેલ અનન્યા એસ.(૮અ) | ડાભી મયંક (૬અ),<br>પટેલ ચાર્મી પી. (૭અ),<br>રાજ વંશ (૮અ) | પરમાર સુહાની એ. (૬બ),<br>જાદવ શ્રેયા એન. (૭અ)<br>માછી અવની ડી. (૭બ),<br>ચૌહાણ જયા આર. (૮બ) | અરવિંદભાઇ પરમાર,<br>દિપીકાબેન સોલંકી |
| ૨૫/૧૦/૨૪ | રંગોળી સ્પર્ધા | ૧૫૧ | મિસ્ત્રી નેના બી. (૬અ)<br>પટેલ રિતીકા એન. (૭બ)<br>રાજ માન્યા ડી. (૮અ) | ટેલર યશ્વી આર.(૬બ)<br>પટેલ કૃપાંશ જે. (૭બ)<br>સિંધા ચુકતા જે. (૮બ) | પરમાર વિશ્વા ડી. (૬બ),<br>વસાવા વૈષ્ણવી એસ. (૬અ),<br>વસાવા કિંજલ એ. (૭અ),<br>રાણાા સીયા એ. (૭બ),<br>રાણા અનન્યા ડી. (૮બ) | અરવિંદભાઇ પરમાર |

**જ્ઞાનએ સર્વશ્રેષ્ઠ સંપતિ છે.**

**માણસ પોતે જ પોતાનો ભાગ્ય વિધાતા છે.**

# પ્રાથમિક વિભાગ (ધો. ૧ થી ૫)

**તા. ૫/૨/૨૪ :** શાળામાં **યોગ સંવાદ** રાખવામાં આવ્યો જેમાં **વકતા શ્રીમતી ભાવિનીબેન ઠકકર (ગુ.રાજય યોગ બોર્ડ ભરૂચ જિલ્લા કો-ઓડિનેટર) અને અર્પણા બિલોરે (યોગ કોચ)** શાળાના ગુજરાતી અને અંગ્રેજી માધ્યમ (ધો. ૧ થી ૫)ના શિક્ષકોને યોગ જીવનમાં અપનાવવાથી તન, મન સ્વસ્થ રહે છે અને આધ્યાત્મિકતા પણ આવે છે એ વાત સમજાવી હતી. અર્પણા બિલોરે સુક્ષ્મ વ્યાયામ, પ્રાણાયામ અને ધ્યાન શિક્ષકોને કરાવ્યું હતું.

**તા. ૬/૨/૨૪ : ધો. ૧ અને ૨ ની દ્વિતીય કસોટી ઉત્તરવહી બતાવવા** માટે વાલી સાથે તબકકાવાર વ્યકિતગત રીતે તેઓને ઉત્તરવહી બતાવી પૂરતું માર્ગદર્શન વિષય શિક્ષકો દ્વારા આપવામાં આવ્યું.

**તા. ૭/૨/૨૪ :** સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત, જિલ્લા રમત વિકાસ અધિકારી, જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર, ભરૂચ દ્વારા શાળામાંથી **ટેલેન્ટ આઇડેન્ટીફિકેશન** અંતર્ગત ધો. ૩ થી ૫ ના કુલ ૭૬ વિદ્યાર્થીઓએ ભાગ લીધો.

**તા. ૨, ૩/૩/૨૪ :** શાળામાં **ધો. ૧ અને ૨ ને વન-ડે પિકનીક (રાત્રિ રોકાણ)** નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો તેમજ શાળાનાં શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓનું ઉષ્માભર્યું સ્વાગત ગુલાબના પુષ્પ અને સ્માઇલી દ્વારા કરવામાં આવ્યું. "મસ્તીની પાઠશાળા" અંતર્ગત વિદ્યાર્થીઓને "માતરીયા તળાવ" નારાયણ બાપુના આશ્રમે લઇ જવામાં આવ્યા હતા જેમાં વિવિધ રમતો વિદ્યાર્થીઓને રમાડવામાં આવી. સાંજે પ્રાર્થના કરી વિદ્યાર્થીઓને સાંજનું ભોજન લઇ ડાન્સ કરાવવામાં આવ્યો. આ ઉપરાંત ગરબાની મોજ પણ કરી. રાત્રે ગૃપ ડિસકશન બાદ મુવી બતાવવામાં આવ્યું. (મુવી વીથ સ્નેકસ), બીજા દિવસે સવારમાં ઊઠી, સ્નાન કર્યા બાદ પ્રાર્થના કરી દૂધ નાસ્તો આપવામાં આવ્યો, ત્યારબાદ જમ્પીગ અને ટેમ્પોલીનમાં મસ્તીની સાથે અલગ અલગ રમત પ્રવૃત્તિ સાથે ઝુમ્બા ડાન્સ કરાવવામાં આવ્યો હતો.





**તા. ૪/૪/૨૪ :** સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાત રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ ગુજરાત દ્વારા **જિલ્લા કક્ષા બેટરી ટેસ્ટ** માં પરમાર દિવ્યરાજસિંહ મિતેન્દ્રસિંહ વિજેતા બની તા. ૨૯/૪/૨૪ સોમવારે રાજયકક્ષા બેટરી ટેસ્ટમાં રમત સંકુલ રાજપીપળા, જિ. નર્મદા ખાતે ભાગ લીધો.

**તા. ૧૩/૬/૨૪ : શાળા પ્રવેશોત્સવ** શાળાનું નવુ સત્ર શરૂ થયું. આ દિવસે ધો. ૧ અને ૨ નાં વિદ્યાર્થીઓને કુમકુમ તિલક કરી શિક્ષકો દ્વારા તૈયાર કરાયેલા પપેટ અને ચોકલેટ આપીને તેમનું અભિવાદન કર્યું. તેમજ પ્રથમ દિવસે મીઠો પ્રેમ ભર્યો આવકાર કર્યો.







**તા. ૧૮/૫/૨૪ : વિશ્વ હિન્દુ પરિષદ** - દક્ષિણ ગુજરાત પ્રાંત દ્વારા આયોજીત **દુર્ગાવાહિની શૌર્ય પરિક્ષણ વર્ગ** સમાપન સમારોહ કાર્યક્રમમાં શાળાના ડાયરેકટર ડૉ.ભગુભાઇ પ્રજાપતિ, આચાર્ય વિદ્યાબેન રાણા, આચાર્ય જિજ્ઞેશભાઇ જોષી, ભકિતબેન ફરસરામ, યોગિનીબેન વસાવા, શીલાબેન કરમોકર ઉપસ્થિત રહ્યા. આ કાર્યક્રમનો હેતુ સેવા, સુરક્ષા, સંસ્કાર દ્વારા યુવતીઓને શારીરિક તેમજ બૌદ્ધિક રીતે સક્ષમ બનાવવાનો હતો.

**તા. ૨૧/૬/૨૪ : યોગદિવસની ઉજવણી** કરવામાં આવી જેમા વિદ્યાર્થીઓને યોગનું મહત્વ સમજાવી ભ્રામરી પ્રાણાયામ, તાડાસન, કપાલભાતી, વજ્રાસન, ત્રિકોણાસન, સૂર્યનમસ્કાર જેવા આસનો નયનાબેન, મિલનબેન, વૈશાલીબેન દ્વારા કરવામાં આવ્યું.

**સફળ થવું હોય તો બે જ રસ્તા છે ગમતું કામ કરો યા કામને ગમતું કરો.**